# પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 02-04-2026** **MIDDAY: 1.20 TO 1.30**

**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

**************************************************

**1)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નાગરિક-કેન્દ્રિત શાસન પર ભાર મૂક્યો.

**2)** પશ્ચિમ બંગાળના માલદામાં સાત ન્યાયિક અધિકારીઓ બંધક બનાવવાના મામલે સર્વોચ્ચ અદાલતે આકરી ટીકા કરીને સીબીઆઇ કે NIAની તપાસને મંજૂરી આપી.

**3)** ઉર્જા મંત્રી મનોહર લાલે સંસદમાં સ્પષ્ટતા કરી કે પ્રીપેડ સ્માર્ટ મીટર બધા ગ્રાહકો માટે ફરજિયાત નથી.

**4)** નાગરિક ઉડ્ડયન મંત્રી કે રામમોહન નાયડુએ કહ્યું કે નાગરિક ઉડ્ડયન ક્ષેત્રની સલામતી અંગે કોઈ સમાધાન નહીં કરાય.

**5)** અમેરિકા દ્વારા ઇરાનને અપાયેલી નવેસરથી ધમકીઓ બાદ શેરબજારમાં મોટો કડાકો.

**6)** IPL ક્રિકેટમાં, આજે કોલકાતા નાઈટ રાઇડર્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે મુકાબલો.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# PM KARMYOGI SADHANA SAPTAH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભાર મૂક્યો હતો કે ભારતની ઝડપથી બદલાતી આકાંક્ષાઓ એવા શાસન મોડેલની માંગ કરે છે જે માત્ર કાર્યક્ષમ જ નહીં પરંતુ નાગરિક-કેન્દ્રિત પણ હોય. તેમણે કર્મયોગી સાધના સપ્તાહ 2026 ને સંબોધતા એક વિડીયો સંદેશમાં આ વાત કહી હતી. તેમણે કહ્યું કે આજનું શાસન 'નાગરિક દેવો ભવ' મંત્ર દ્વારા સંચાલિત છે.

## (BYTE : PM ON PUBLIC SERVICE)

તેમણે ઉમેર્યું હતું કે વિકસિત ભારતનું નિર્માણ ફક્ત માળખાગત સુવિધાઓ અને ટેકનોલોજી પર જ નહીં, પરંતુ કુશળ અને પ્રતિબદ્ધ માનવ સંસાધન પર થશે. શ્રી મોદીએ નોંધ્યું હતું કે ક્ષમતા નિર્માણ આયોગ અને મિશન કર્મયોગી દરેક ભારતીયની આકાંક્ષાઓ સાથે સુસંગત આધુનિક, સમર્પિત અને પ્રતિભાવશીલ કાર્યબળ બનાવવા માટે ચાવીરૂપ છે.

## (BYTE : PM ON KARMAYOGI)

# WEST BENGAL SIR ISSUE

પશ્ચિમ બંગાળના માલદા જિલ્લામાં, કાલિયાચક-2 બ્લોક ડેવલપમેન્ટ ઓફિસમાં સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન કાર્યમાં રોકાયેલા સાત ન્યાયિક અધિકારીઓને, પોલીસે બુધવારે મોડી રાત્રે લગભગ આઠ કલાકની ઘેરાબંધી બાદ સુરક્ષિત રીતે બહાર કાઢ્યામતદાર યાદીમાંથી . .નામ કાઢી નાખવાના આરોપોને કારણે આ વિરોધ થયો હતો

અહેવાલો અનુસાર, કાલિયાચક, મોથાબાડી અને સુજાપુર વિસ્તારોમાં વિરોધ પ્રદર્શનો ત્યારે ફાટી નીકળ્યા જ્યારે કેટલાક સ્થાનિક લોકોએ આરોપ લગાવ્યો કે, માન્ય દસ્તાવેજો હોવા છતાં તેમના નામ મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા છેઆમાંના મોટાભાગના વ્યક્તિઓ . વિરોધીઓએ રાષ્ટ્રીય .શાસક તૃણમૂલ કોંગ્રેસ પાર્ટી સાથે જોડાયેલા છે 12 ધોરીમાર્ગના કેટલાક ભાગોને પણ અવરોધિત કર્યા અને ચૂંટણી પહેલા યાદીમાં સુધારાની માંગ કરી.

# SC – WEST BENGAL

સર્વોચ્ચ અદાલતે પશ્ચિમ બંગાળમાં SIR કવાયતમાં રોકાયેલા સાત ન્યાયિક અધિકારીઓને બંધક બનાવવાની ગંભીર નોંધ લીધી, અને રાજ્યના ગૃહ સચિવ, DGP અને અન્ય અધિકારીઓ પાસેથી તેમની નિષ્ક્રિયતા બદલ જવાબ માંગ્યો.મુખ્યન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને વિપુલ એમ પંચોલીની બેન્ચેચૂંટણી પંચને આ દુર્ભાગ્યપૂર્ણ ઘટનાની CBI અથવા NIA તપાસ કરાવવાની મંજૂરી આપી.ખંડપીઠેકહ્યું કે આ ઘટના ન્યાયિક અધિકારીઓનું મનોબળ ઘટાડા અને ચાલુ ચૂંટણી પ્રક્રિયાનેરોકવા માટે એક ગણતરીપૂર્વક અને પ્રેરિત પગલું લાગે છે.

રાજ્યમાં કાયદો અનેવ્યવસ્થા તંત્ર તૂટી ગયું હોવાનું અવલોકન કરતાં, CJI એ આ મામલે વિલંબિત કાર્યવાહી બદલ રાજ્યના અધિકારીઓ પર ભારે આકરા પ્રહારોકર્યા.CJI એ જણાવ્યું કે માલદા જિલ્લામાં ત્રણ મહિલાઓ સહિત સાતન્યાયિક અધિકારીઓને અસામાજિક તત્વો દ્વારા બંધક બનાવવામાં આવ્યા હતા. સર્વોચ્ચ અદાલતે આ ઘટના અંગેના મીડિયા અહેવાલોનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે આ માત્રન્યાયિક અધિકારીઓને ડરાવવાનો જ નહીં પરંતુ આ કોર્ટની સત્તાને પડકારવાનો પણ એક પ્રયાસહતો.

બેન્ચેકહ્યું કે તે ન્યાયિક અધિકારીઓ પર માનસિક હુમલો કરવા માટે કોઈને પણ દખલ કરવાની અનેકાયદો હાથમાં લેવાની મંજૂરી આપશે નહીં, અને ચૂંટણીપંચને ન્યાયિક અધિકારીઓ, તેમના પરિવારો અને SIR કાર્યોમાં રોકાયેલા અન્ય કર્મચારીઓની સુરક્ષા માટે દેશમાં ગમે ત્યાંથીકેન્દ્રીય દળો બોલાવવા કહ્યું.

# LS – PREPAID METER

ઉર્જા મંત્રી મનોહર લાલે સ્પષ્ટતા કરી છે કે પ્રીપેડ સ્માર્ટ મીટર બધા ગ્રાહકો માટે ફરજિયાત નથી. આજે લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબમાં ઉર્જા મંત્રીએ  જણાવ્યું હતું કે જો ગ્રાહકો પ્રીપેડ સ્માર્ટ મીટર પસંદ કરે છે, તો તેનાથી માત્ર ગ્રાહકોને જ નહીં પરંતુ રાજ્યો અને વીજ કંપનીઓને પણ ફાયદો થશે. તેમણે નોંધ્યું હતું કે ઘણા રાજ્યોએ સ્માર્ટ પ્રીપેડ મીટર લગાવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે પ્રીપેડ સ્માર્ટ મીટર કોઈપણ ગ્રાહક પર દબાણ કરવામાં આવી રહ્યા નથી, કારણ કે તે વૈકલ્પિક છે.

ઉર્જા મંત્રીએ જણાવ્યું હતું કે જ્યાં પણ પ્રીપેડ સિસ્ટમ લાગુ કરવામાં આવી છે, ત્યાં કંપનીઓનું નુકસાન દૂર થયું છે અને તેઓ નફાકારક બન્યા છે.

# NAIDU - AVIATION SAFETY

નાગરિક ઉડ્ડયન મંત્રી કે રામમોહન નાયડુએ કહ્યું છે કે નાગરિક ઉડ્ડયન કામગીરીની સલામતી વાત આવે ત્યારે કોઈ સમાધાન કરવામાં આવશે નહીંઆજે લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબ . આપતા શ્રી નાયડુએ કહ્યું કે, ફ્લાઇટ કામગીરીની સલામતીના સંદર્ભમાં, દરેક દેશ સતત ઉચ્ચતમ ધોરણો જાળવવાનો પ્રયાસ કરે છેતેમણે કહ્યું . કે, સલામતી સંબંધિત માર્ગદર્શિકા અને પ્રોટોકોલ મુખ્યત્વે આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠન )ICAO) દ્વારા સ્થાપિત કરવામાં આવે છે જ્યાં બહુવિધ દેશો વૈશ્વિક ધોરણો ઘડવા માટે ભેગા થાય છે .

મંત્રીએ કહ્યું કે ઉડ્ડયન એક આંતરરાષ્ટ્રીય વિષય હોવાથી, બધા રાષ્ટ્રો માટે આ ધોરણોનું સમાન રીતે પાલન કરવું જરૂરી છેતેમણે કહ્યું કે ., એક જવાબદાર દેશ તરીકે, ભારત આ નીતિઓ, માર્ગદર્શિકા અને નિયમોનું સંપૂર્ણ પાલન કરવા માટે પ્રતિબદ્ધ છેહવામાન આગાહી અંગે ., શ્રી નાયડુએ કહ્યું કે, નાગરિક ઉડ્ડયન મંત્રાલય ચોકસાઈ સુધારવા માટે ભારતીય હવામાન વિભાગ )IMD) સાથે નજીકથી કામ કરી રહ્યું છેતેમણે . કહ્યું કે ધુમ્મસ, વાદળછાયું આવરણ, દરિયાકાંઠાના હવામાન અને અન્ય વાતાવરણીય પરિસ્થિતિઓ પર વાસ્તવિક સમયનો ડેટા પ્રદાન કરવા માટે એરપોર્ટ પર અદ્યતન સાધનો સ્થાપિત કરવામાં આવ્યા છે.

# PM CONDOLENCES SURINAME

રશિયાના પ્રથમ નાયબ પ્રધાનમંત્રી ડેનિસ માન્તુરોવ આજે સવારે નવી દિલ્હી પહોંચ્યા. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે શ્રી માન્તુરોવ આજે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ, નાણાંમંત્રી નિર્મલા સીતારમણ અને વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકર સાથે મુલાકાત કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# GOVT PETROCHEMICAL CUSTOMS DUTY

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ અને તેના પરિણામે વૈશ્વિક પુરવઠા શૃંખલામાં વિક્ષેપને ધ્યાનમાં રાખીને સરકારે 30 જૂન, 2026 સુધી મહત્વપૂર્ણ પેટ્રોકેમિકલ ઉત્પાદનો પર સંપૂર્ણ કસ્ટમ ડ્યુટી મુક્તિ આપવાનો નિર્ણય લીધો છે નાણા .મંત્રાલયે કહ્યું છે કે, સ્થાનિક ઉદ્યોગ માટે મહત્વપૂર્ણ પેટ્રોકેમિકલ ઇનપુટ્સની સતત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે આ પગલું કામચલાઉ રીતે લેવામાં આવ્યું છેઆ પગલું ડાઉનસ્ટ્રીમ . ક્ષેત્રો પર ખર્ચ દબાણ ઘટાડવામાં અને દેશમાં પુરવઠા સ્થિરતા .જાળવવામાં મદદ કરશે

મંત્રાલયે કહ્યું છે કે આ મુક્તિથી પ્લાસ્ટિક, પેકેજિંગ, કાપડ, ફાર્માસ્યુટિકલ્સ, રસાયણો, ઓટોમોટિવ ઘટકો અને અન્ય ઉત્પાદન ક્ષેત્રો સહિત પેટ્રોકેમિકલ ફીડસ્ટોક અને ઇન્ટરમીડિયેટ પર આધારિત ઘણા ક્ષેત્રોને ફાયદો થવાની અપેક્ષા છેમંત્રાલયે વધુમાં જણાવ્યું હતું કે . આનાથી અંતિમ ઉત્પાદનોના ગ્રાહકોને પણ રાહત મળશે.

# STOCKS 1200

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈરાનને આપવામાં આવેલી નવેસરથી ધમકીઓ વચ્ચે, આજે બપોરના સત્રમાં બેન્ચમાર્ક સ્થાનિક ઇક્વિટી સૂચકાંકો લગભગ બે ટકાના ઘટાડા સાથે ટ્રેડ થઈ રહ્યા હતા છેલ્લા અહેવાલો આવ્યા ત્યારે સેન્સેક્સ .1400 પોઈન્ટથી વધુ ઘટીને 71 હજાર  જ્યારે નિફ્ટી .ની આસપાસ કારોબાર કરી રહ્યો હતો700433 પોઈન્ટ ઘટીને 22 હજાર 250ની આસપાસ ટ્રેડિંગ કરી રહ્યો હતોબેંકિંગ .., કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને યુટિલિટીઝ શેરોમાં ભારે વેચવાલીના પગલે સૌથી વધુ ઘટાડો જોવા મળ્યો હતો.

# IPL CRICKET

IPL ક્રિકેટમાં, આજે કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે કોલકાતા નાઈટ રાઇડર્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે મુકાબલો થશે. આ મેચ સાંજે 7:30 વાગ્યે શરૂ થશે.

દરમિયાન ગઈકાલે દિલ્હી કેપિટલ્સે લખનૌ સુપર જાયન્ટ્સને 6 વિકેટથી હરાવ્યું. પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી લખનૌ સુપર જાયન્ટ્સની ટીમ 141 રનમાં ઓલઆઉટ થઈ હતી. દિલ્હી કેપિટલ્સે સમીર રિઝવીના અણનમ 70 રનની મદદથી 17.1 ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કર્યો હતો. રિઝવીને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

# MINISTRY OF DEFENCE - USE

સંરક્ષણ મંત્રાલયે નાણાકીય વર્ષ 2025-26 માં સંરક્ષણ સેવાઓ માટે ફાળવવામાં આવેલા 1 લાખ 86 હજાર કરોડ રૂપિયાના મૂડી ખર્ચનો સંપૂર્ણ ઉપયોગ કર્યો છે. નાગરિક અને પેન્શન સહિત સંરક્ષણ બજેટનો કુલ ઉપયોગ 99.62 ટકા રહ્યો.

ઓપરેશન સિંદૂર પછી ખર્ચમાં વધારો અને વધારાની જરૂરિયાતોને કારણે 1 લાખ 86 હજાર કરોડ રૂપિયાના પ્રારંભિક ફાળવણી પાછળથી વધારવામાં આવી હતી. મંત્રાલયે જણાવ્યું હતું કે મુખ્ય ખર્ચ વિમાન અને એરો એન્જિન, જમીન પ્રણાલીઓ, ઇલેક્ટ્રોનિક યુદ્ધ સાધનો, શસ્ત્રો અને જહાજ નિર્માણ પર હતો. મંત્રાલયને નાણાકીય વર્ષ 2026-27 માટે 2 લાખ 19 હજાર કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. સંરક્ષણ આધુનિકીકરણ માટે આ 22 ટકાનો વધારો છે

# INDONESIA-QUAKE

પૂર્વી ઇન્ડોનેશિયાના મોલુક્કા સમુદ્ર વિસ્તારમાં આજે વહેલી સવારે 7.4 ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. હવાઈ સ્થિત પેસિફિક સુનામી ચેતવણી કેન્દ્રએ જણાવ્યું હતું કે ઇન્ડોનેશિયા, ફિલિપાઇન્સ અને મલેશિયાના દરિયાકાંઠે ભૂકંપના કેન્દ્રથી 1,000 કિમી દૂર સુધી ખતરનાક સુનામી મોજા ઉછળવાની શક્યતા છે. અત્યાર સુધી કોઈ જાનહાનિ કે નુકસાનના અહેવાલ નથી.

# SL- TUSNAMI

શ્રીલંકાના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટરે જણાવ્યું છે કે ગઈકાલે ઇન્ડોનેશિયાના મોલુક્કા સમુદ્રમાં 7.4 ની તીવ્રતાના શક્તિશાળી ભૂકંપ બાદ ટાપુના દરિયાકાંઠાના વિસ્તારો સુરક્ષિત છે/ જો કે દક્ષિણપૂર્વ એશિયાના કેટલાક ભાગોમાં સુનામીની ચેતવણી આપવામાં આવી છેસુલાવેસી અને . માલુકુ ટાપુ જૂથો વચ્ચે સ્થાનિક સમય મુજબ સવારે6:48 વાગ્યે ભૂકંપ આવ્યો હતો યુએસ ભૂસ્તરશાસ્ત્રીય સર્વેક્ષણે જણાવ્યું હતું કે .30 સેમી સુધીના મોજા નજીકના ઇન્ડોનેશિયન દરિયાકાંઠા સુધી પહોંચી શકે છે, પડોશી પ્રદેશોમાં સામાન્ય મોજા ઉછળવાની શક્યતા છેઇન્ડોનેશિયન . બ્રોડકાસ્ટર મેટ્રો ટીવીએ અહેવાલ આપ્યો છે કે ક્ષતિગ્રસ્ત ઇમારતોમાંથી કાટમાળ પડતાં માનાડોમાં એક વ્યક્તિનું મોત થયું છે, જ્યારે રહેવાસીઓ ગભરાટમાં તેમના ઘરોમાંથી બહાર નીકળી ગયા છે સુનામી મોનિટરિંગ એજન્સીઓએ જણાવ્યું હતું કે ઇન્ડોનેશિયા, ફિલિપાઇન્સ અને મલેશિયાના કેટલાક ભાગોમાં ખતરનાક મોજાઓ શક્ય છે, જોકે તે દેશોના અધિકારીઓએ જણાવ્યું હતું કે સુનામીનો કોઈ વિનાશક ખતરો મળ્યો નથી.

# KHELO INDIA

છત્તીસગઢમાં ખેલો ઇન્ડિયા ટ્રાઇબલ ગેમ્સના નવમા દિવસે, આજે રાયપુરમાં તીરંદાજી સ્પર્ધાઓ અને જગદલપુરમાં એથ્લેટિક્સ સ્પર્ધાઓ ચાલી રહી છે

ગઈકાલે રાયપુરમાં યોજાયેલી મહિલા હોકી ફાઇનલમાં, ઓડિશાએ મિઝોરમને 1-0 થી હરાવીને સુવર્ણ ચંદ્રક જીત્યો છે. પુરુષોની હોકી ફાઇનલમાં, ઓડિશાએ ઝારખંડને 4-1 થી હરાવીને સુવર્ણ ચંદ્રક પણ જીત્યો. પુરુષોની ફૂટબોલ ફાઇનલમાં છત્તીસગઢનો સામનો પશ્ચિમ બંગાળ સામે થશે.

આ રમતોની ચંદ્રક શ્રેણીમાં  કર્ણાટક 21 સુવર્ણ, 8 રજત અને 7 કાંસ્ય સહિત કુલ 36 ચંદ્રક સાથે પ્રથમ સ્થાને છે. ઓડિશા 17 સુવર્ણ , 10 રજત અને 16 કાંસ્ય સહિત 43 ચંદ્રક સાથે બીજા સ્થાને છે અને ઝારખંડ 9 સુવર્ણ , 3 રજત અને 7 કાંસ્ય સહિત 19 ચંદ્રક સાથે ત્રીજા સ્થાને છે

# HANUMAN JAYANTI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા અને ગૃહમંત્રી અમિત શાહે હનુમાન જયંતિ નિમિત્તે દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે ભગવાન હનુમાન ભક્તિ, શક્તિ અને અતૂટ સમર્પણનું અનોખું પ્રતીક છે. શ્રી મોદીએ પ્રાર્થના કરી કે પવનપુત્ર હનુમાન દરેકને શક્તિ, શાણપણ અને જ્ઞાન આપે.

લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ કહ્યું કે ભગવાન હનુમાન, પોતાની વીરતા અને શાણપણથી ધર્મનું રક્ષણ કરે છે અને હિંમત અને કર્તવ્યનો માર્ગ બતાવે છે.

ગૃહમંત્રી અમિત શાહે ભગવાન હનુમાનને ભગવાન શ્રી રામના અનન્ય ભક્ત અને બહાદુરી, ભક્તિ અને સેવાના પ્રતીક તરીકે વર્ણવ્યા. તેમણે બજરંગબલીને બધા નાગરિકોના દુઃખ દૂર કરવા અને તેમને સુખ, શાંતિ અને સમૃદ્ધિ આપવા માટે પણ પ્રાર્થના કરી.